# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
E-mail: info@baou.edu.in | Website: www.baou.edu.in


જા.નં.બાઆંઓયુ/પરીક્ષા/Web /૨૦૨૧ તા. ૧૪ /૦૬/૨૦૨૧

પ્રતિ,
અભ્યાસકેન્દ્ર સંયોજકશ્રી / પરીક્ષાકેન્દ્ર ઇન્ચાર્જશ્રી / પ્રોગ્રામ ઇન્ચાર્જશ્રી / વિદ્યાર્થીઓ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી,
અમદાવાદ

**વિષય: જુલાઈ – ૨૦૨૧ ની સત્રાંત પરીક્ષા અંગે**

શ્રીમાન સંયોજકશ્રી / વહાલા વિદ્યાર્થીઓ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા જુલાઈ ૨૦૨૧ માં લેવાનાર સત્રાંત પરીક્ષા આપવા માટે લાયક દરેક પરીક્ષાર્થી પાસે ફરજીયાત પરીક્ષા ફોર્મ ભરાવવાના થાય છે, જે સંદર્ભે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખશો.

| જુલાઈ – ૨૦૨૧ સત્રાંત પરીક્ષાઓનાં ફોર્મ ભરવાની અગત્યની તારીખો | | |
|---|---|---|
| **પરીક્ષા ફી ની વિગત** | **વિદ્યાર્થી દ્વારા અભ્યાસકેન્દ્ર પર ફોર્મ જમા કરાવવાની તારીખ** | **અભ્યાસકેન્દ્રો દ્વારા પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી અથવા પ્રાદેશિક કેન્દ્ર ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ** |
| **વિના મૂલ્યે** | **21/06/2021 થી 25/06/2021** | **27/06/2021** |

**નોંધ:**

1. વિદ્યાર્થીઓ દ્વારા **પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ www.baou.edu.in પરથી ઓનલાઈન માધ્યમથી** ભરી શકાશે.
2. હાલની Coronavirus COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લેતા **યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓનાં હિતમાં પરીક્ષા ફોર્મ વિલંબથી ભરવાનાં સંજોગોમાં ભરવાની થતી લેઇટ- ફી (પેનલ્ટી) માંથી મુક્તિ આપવાનું નક્કી** કરવામાં આવેલ છે.
3. દરેક વિદ્યાર્થીઓએ **પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦/૦૬/૨૦૨૧ સુધીમાં પરીક્ષા ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી** દેવાની રહેશે.
4. દરેક અભ્યાસક્રમની **પરીક્ષાની પદ્ધતિ UGC અને સરકારશ્રીનાં દિશાનિર્દેશોને ધ્યાને લઇ નક્કી કરવામાં આવશે** જેની **વિગતો આગામી સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**
5. પરીક્ષાનું **સમય પત્રક પરીક્ષા શરુ થવાના ૧૦ થી ૧૫ દિવસ પહેલા જાહેર** કરવામાં આવશે.
6. પરીક્ષાનું **સમય પત્રક જાહેર થયા બાદ પરીક્ષાની હોલ ટીકીટ યુનિવર્સીટીની વેબસાઈટ પરથી ડાઉનલોડ** કરી શકાશે.

**નોંધ : જુલાઈ ૨૦૨૦ માં પ્રથમ અને બીજા વર્ષમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ સમયસર સ્વાધ્યાયકાર્ય જમા કરાવેલ હશે તે વિદ્યાર્થીઓને સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ મેરીટ બેઝ્ડ પ્રોગેશન દ્વારા પરિણામ જાહેર કરવામાં આવશે જેથી તેઓએ પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે નહિ.**

**જુલાઈ – ૨૦૨૧ માં લેવાનાર સત્રાંત પરીક્ષા અંગેની અગત્યની સૂચનાઓ**

1. યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમોની જુલાઈ – ૨૦૨૧ સત્રાંત પરીક્ષા તા. ૧૮/૦૭/૨૦૨૧થી શરુ થનાર છે.
2. જુલાઈ -૨૦૧૯ માં બી.એ. તેમજ બી.કોમ.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા આપવાની રહેશે જેનું સમયપત્રક અલગ રહેશે.
3. પરીક્ષા ફોર્મ **તા.21/05/2021 ના રોજ**થી યુનિવર્સીટીની વેબસાઈટ પરથી પરીક્ષાર્થી પોતાના એનરોલ્મેન્ટ નંબર દ્વારા યુનિવર્સિટીની વેબસાઇટ **www.baou.edu.in** પરથી **ઓનલાઈન** માધ્યમથી જ ભરી શકશે.

4. વિદ્યાર્થીએ નિર્ધારિત પરીક્ષા ફી **ઓનલાઈન** માધ્યમથી જ **ઈન્ટરનેટ બેંકિંગ, Debit Card, Credit Card, PoS, BHIM App, ઈ-ચલણ,** દ્વારા જ ભરી શકાશે.
5. **વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ સાથે પરીક્ષા ફી કેશ (રોકડ), ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવવી નહી** આવા પરીક્ષા ફોર્મ કોઈપણ સંજોગોમાં **યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહી** અને પરીક્ષાફોર્મ રદ ગણવામાં આવશે તેમજ વિદ્યાર્થી પરીક્ષામાં બેસી શકશે નહી.
6. સંપૂર્ણ અને સાચી વિગતો સાથે ભરેલ પરીક્ષા ફોર્મ ઓનલાઈન સબમીટ કર્યા બાદ તેજ **ફોર્મની હાર્ડ કોપી (ઈ-પ્રિન્ટ) પરીક્ષાર્થીએ પોતાની સહી કરી સાથે નિર્ધારિત પરીક્ષા ફી ભર્યાની રીસીપ્ટ જોડી નિયત તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાનું રહેશે.**
7. કેન્દ્ર સંયોજકશ્રીઓએ પરીક્ષાર્થીઓ દ્વારા જમા કરાવેલ પરીક્ષા ફોર્મ સહી-સિક્કા કરી સાથે નિર્ધારિત પરીક્ષા ફી ભર્યાની રીસીપ્ટ જોડી ફોર્મ જમા કરાવવાની નિયત તારીખ મુજબ પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી ખાતે રૂબરૂ જમા કરાવવાના રહેશે. યુનિવર્સિટી ખાતે પરીક્ષા ફોર્મ જમા કરાવવા આવનાર અભ્યાસ કેન્દ્રનાં પ્રતિનિધિને યુનિવર્સિટી દવારા નિયમાનુસાર બસ/રીક્ષા ભાડું ચુકવવામાં આવશે.
8. પરીક્ષામાં ગેરરીતિની સજા થયેલ હોય, તે વિદ્યાર્થી સજાનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ જ પરીક્ષા આપી શકશે. દા.ત.
   I. જુલાઈ - ૨૦૨૦ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે એક વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૧માં પરીક્ષા આપી શકશે. તથા,
   II. જુલાઈ - ૨૦૧૯ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે બે વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૧માં પરીક્ષા આપી શકશે.
   III. જુલાઈ ૨૦૧૮ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે ત્રણ વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જાન્યુઆરી ૨૦૨૧ બાદ પરીક્ષા આપી શકશે.
   IV. જાન્યુઆરી - ૨૦૨૧ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિના કેસ થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૧ માં પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિ કે પરીક્ષા આપી શકશે નહિ.
9. પરીક્ષા ફોર્મમાં પરીક્ષાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ફરજીયાતપણે લગાવવાનો રહેશે
10. વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભરતી વખતે તેનો નોંધણી નંબર તથા અભ્યાસક્રમ અવશ્ય દર્શાવવાનો રહેશે. દા.ત. 811010104787B.A. વિદ્યાર્થીએ નોંધણી નંબર લખવામાં અચૂક કાળજી રાખવી. ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે "."(ડોટ)પણ કરવું.
11. અભ્યાસકેન્દ્ર સંચાલકોએ વિદ્યાર્થી ચોકસાઈપૂર્વક સાચી માહિતી ભરે અને પરીક્ષા ફોર્મ તથા પરીક્ષા ફોર્મ જમા કરાવ્યાની પહોંચમાં આપના કેન્દ્રના સહી સિક્કા થાય તેની કાળજી રાખવી. ઉદાહરણ તરીકે વિદ્યાર્થીનો નોંધણી નંબર અને નામ, અભ્યાસક્રમ, પાઠ્યક્રમના કોડ અને નામ વગેરે માટે માર્ગદર્શન પૂરું પાડવું. અધૂરા અથવા ખોટી વિગતો વાળા પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી દ્વારા માન્ય ગણશે નહિ તેની પરીક્ષાર્થી તથા કેન્દ્ર સંચાલકે કાળજી રાખવી.
12. પરીક્ષા ફોર્મમાં અને પરીક્ષા ફોર્મ જમા કરાવ્યાની પહોંચમાં અભ્યાસ કેન્દ્રનાં સહી અને સિક્કા બંને હશે, તો જ પરીક્ષાર્થીનું ફોર્મ માન્ય ગણવામાં આવશે.
13. પરીક્ષાર્થીએ પરીક્ષા ફોર્મ જમા કરાવ્યા બાદ પરીક્ષા ફોર્મ જમા કરાવ્યાની પહોંચ વિદ્યાર્થીએ કાળજીપૂર્વક સંભાળીને રાખવી.
14. નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓ વિના મૂલ્યે પોતાના અભ્યાસ કેન્દ્ર પર પરીક્ષા ફોર્મ જમા કરાવી શકે છે. પરીક્ષાર્થીએ **વિના મૂલ્યે** પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ **20/06/2021** છે .
15. યુનિવર્સિટી દ્વારા નિયત સમયમાં નિયત પરીક્ષા ફોર્મ ભરવાનો આગ્રહ રાખવામાં આવે છે. વિદ્યાર્થી જો નિયત સમય મર્યાદામાં પરીક્ષા ફોર્મ નહિ ભરે, તો લેઇટ ફી ભરવાની રહેશે.
16. અગાઉ જણાવ્યા મુજબ કેન્દ્ર સંયોજકશ્રીઓએ પરીક્ષાર્થીઓ દ્વારા જમા કરાવેલ પરીક્ષા ફોર્મ સહી-સિક્કા કરી ફોર્મ જમા કરાવવાની નિયત તારીખબાદ બે દિવસમાં **પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી ખાતે રૂબરૂ જમા** કરાવવાના રહેશે. યુનિવર્સિટી ખાતે પરીક્ષા ફોર્મ જમા કરાવવા આવનાર અભ્યાસ કેન્દ્રનાં પ્રતિનિધિને યુનિવર્સિટી દવારા નિયમાનુસાર બસ/રીક્ષા ભાડું ચુકવવામાં આવશે.
17. પરીક્ષા ફોર્મ એ વિદ્યાર્થીની કારકિર્દી સાથે જોડાયેલ ડોક્યુમેન્ટ હોવાથી પોસ્ટ/કુરિયર દ્વારા મોકલાયેલ પરીક્ષા ફોર્મની કોઈપણ જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.
18. સંપૂર્ણ અને સાચી વિગતો અને પરીક્ષા ફી – લેઇટ ફી (તારીખ અનુસંધાને લાગુ પડે તે મુજબ) સાથે ઓનલાઈન ફાઈનલ સબમીટ કરેલ પરીક્ષા ફોર્મ પર ફોર્મ સબમીટ કર્યા તારીખ છપાયેલ હશે જે તારીખ આપે ફોર્મ સબમીટ કર્યા તારીખ ગણાશે અને તે મુજબ લેઇટ-ફી ગણવામાં આવશે.
19. **તા. 20/06/2021 પછી કોઈ પણ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી** તથા તેમની હોલ ટીકીટ (જે પરીક્ષા ખંડમાં બેસવા માટે ફરજીયાત છે), તે પણ ઉપલબ્ધ થશે નહિ, તેની વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી.

20. **તા.05/07/2021** થી તમામ અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પોતાની હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકશે. પરીક્ષા કેન્દ્રો પર બેઠક વ્યવસ્થાના આયોજન અર્થે તારીખ અને સેશન મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબનું પત્રક **તા.05/07/2020** નાં રોજ પરીક્ષા કેન્દ્રનાં ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવશે.
21. પરીક્ષાર્થીએ પરીક્ષા આપતી વખતે પોતાની હોલ ટીકીટ તથા યુનિવર્સિટીનું આઈકાર્ડ ફરજીયાતપણે સાથે રાખવું અને પરીક્ષા દરમ્યાન હોલ ટીકીટમાં ખંડ નિરીક્ષકશ્રીની સહી અચૂકપણે કરાવવી.
22. આઈકાર્ડ ન મળવાના સંજોગોમાં કે ખોવાઈ જવાના કિસ્સામાં જરૂરી કાર્યવાહી કરી પરીક્ષા પહેલા આઈકાર્ડ મેળવી લેવું તથા પરીક્ષા સમયે આઈ-કાર્ડ પોતાની પાસે રાખવું.
23. વિદ્યાર્થીએ યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ પરીક્ષા કેન્દ્રમાં અને Hall Ticket માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે અન્ય પરીક્ષા કેન્દ્ર પર આપેલ પરીક્ષા રદ કરવામાં આવશે.
24. પરીક્ષાની Hall Ticketમાં પરીક્ષાર્થીને ફાળવેલ પરીક્ષા કેન્દ્ર, પૂરું નામ, નોંધણી નંબર, પાઠ્યક્રમો, પરીક્ષાની તારીખ અને સમય ની વિગતો સંપૂર્ણ અને સાચી દર્શાવેલ છે, તે ચેક કરી લેશો. પરીક્ષા ખંડમાં Hall ticketમાં ખંડ નિરીક્ષકશ્રીની અચૂકપણે સહી કરાવવાની રહેશે.
25. પરીક્ષા ફોર્મ તેમજ Hall ticket માટેની કોઈ પણ અગવડ પડે તો **exam.query@baou.edu.in** પર ઈમેઈલ કરવાનો રહેશે.
26. પરીક્ષાર્થીએ જે પાઠ્યક્રમોમાં નોંધણી કરાવી હોય તે જ પાઠ્યક્રમની પરીક્ષા આપી શકાશે.
27. ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરતી વખતે માહિતી માર્ગદર્શક પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ જ પાઠ્યક્રમ કોડ અને પાઠ્યક્રમના શીર્ષક સિલેક્ટ કરવાના રહેશે, જેની પૂરી કાળજી રાખવી.
28. પરીક્ષાનું સમયપત્રક તથા હોલ ટીકીટ (Hall Ticket) યુનિવર્સિટીની વેબસાઈટ **www.baou.edu.in** પર મૂકવામાં આવશે.
29. ઉત્તરવહી અને પુરવણીમાં નિરીક્ષકની સહી ફરજિયાત હોવી જોઇએ અન્યથા ઉત્તરવહી કે પુરવણી માન્ય ગણાશે નહી.

-Sd-

Controller of Examination (I/c.)